# સામાજિક વિજ્ઞાન ધોરણ 6 સત્ર 2

## Unit 13 ખંડ-પરિચય: અજાયબ ખંડ ઍન્ટાર્કટિકા અને ઑસ્ટ્રેલિયા

**પ્રશ્ન 1 યોગ્ય શબ્દો કે અંકો વડે નીચેનાં વિધાનોની ખાલી જગ્યાઓ પૂરો :** **[5 Mark]**

1 પૃથ્વીના ઉત્તર ધ્રુવનો વિસ્તાર ............................... નામે ઓળખાય છે.

2 પૃથ્વીના દક્ષિણ ધ્રુવનો વિસ્તાર ............................... નામે ઓળખાય છે.

3 ઍન્ટાર્કટિકા ખંડની શોધ .......................... કરી હતી.

4 ઑસ્ટ્રેલિયા ................................. ની ભૂમિ કહેવાય છે.

5 .......................... વિશ્વની સૌથી મોટી સીસાની ખાણ છે.

**પ્રશ્ન 2 નીચેનાં દરેક પ્રશ્નના ઉત્તરમાટે આપેલાં વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધો :** **[5 Mark]**

1 ઍન્ટાર્કટિકા ખંડ પૃથ્વીની સપાટીનો કેટલા ટકા બરફ ધરાવે છે ?

[A] 100 ટકા [B] 75 ટકા

[C] 80 ટકા [D] 90 ટકા

2 નીચેના પૈકી કયું શહેર ઑસ્ટ્રેલિયાની રાજધાની છે ?

[A] કૅનબરા [B] પર્થ

[C] સિડની [D] મેલબર્ન

3 ઑસ્ટ્રેલિયાના મધ્ય ભાગમાંથી કયું વૃત્ત પસાર થાય છે ?

[A] દક્ષિણ ધ્રુવવૃત્ત [B] વિષુવવૃત્ત

[C] કર્કવૃત્ત [D] મકરવૃત્ત

4 ઍન્ટાર્કટિકા ખંડમાં ભારતે નીચેનાં પૈકી કયું સંશોધન કેન્દ્ર સ્થાપ્યું ?

[A] કાવેરી સંશોધન કેન્દ્ર [B] જમનોત્રી સંશોધન કેન્દ્ર

[C] ગંગોત્રી સંશોધન કેન્દ્ર [D] એવરેસ્ટ સંશોધન કેન્દ્ર

5 દક્ષિણ ધ્રુવના અંતિમ બિંદુએ ક્ષિતિજની સપાટીથી નીકળતાં સૂર્યકિરણોના પરાવર્તનથી આકાશમાં દેખાતા રંગબેરંગી પટ્ટાઓને શું કહે છે ?

[A] સુજલ જ્યોતિ [B] સુપ્રભ જ્યોતિ

[C] સુમેરૂ જ્યોતિ [D] સુધાંશુ જ્યોતિ

**પ્રશ્ન 3 બંધબેસતાં જોડકાં રચો :** **[5 Mark]**

| **વિભાગ 'અ'** | **વિભાગ 'બ'** |
|---|---|
| 1 ઍન્ટાર્કટિકાનું વિશિષ્ટ પક્ષી | 1 ગ્રેટ બૅરિયર રીફ |
| 2 પરવાળા ટાપુઓનો સૌથી વિશાળ સમૂહ | 2 પૅંગ્વિન |
| 3 ઑસ્ટ્રેલિયાની મુખ્ય નદી | 3 યુકેલિપ્ટસ |
| 4 ઑસ્ટ્રેલિયા ખંડનું વિશિષ્ટ વૃક્ષ | 4 મરે અને ડાર્લિંગ |
| 5 પૃથ્વીના ઉત્તર ધ્રુવનો વિસ્તાર | 5 મકરવૃત્ત |
| | 6 આર્ક્ટિક |

**પ્રશ્ન 4 નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો :** **[5 Mark]**

1 ઑસ્ટ્રિલયા ખંડની લંબાઈ-પહોળાઈ લગભગ સરખી છે.
2 કૂલગાર્ડી અને કૅલગુર્લી ઑસ્ટ્રેલિયા ખંડની તાંબાની ખાણનાં પ્રખ્યાત ક્ષેત્રો છે.
3 ઍન્ટાર્કટિકા ખંડમાં તેજ બર્ફિલા તોફાની પવનો વાય છે.
4 બ્રોકન હિલ વિશ્વની સૌથી મોટી સીસાની ખાણ છે.
5 ઍન્ટાર્કટિકા ખંડ પૃથ્વીની સપાટીનો 90 ટકા બરફ ધરાવે છે.

Piplava School